# ગુજરાત જાહેર સેવા આયોગ
## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની જાહેરાતોની પ્રાથમિક કસોટી/મુખ્ય લેખિત પરીક્ષા માહે જુલાઇ -૧૭ દરમિયાન ગાંધીનગર/અમદાવાદના વિવિધ પેટા કેન્દ્રો ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટી/મુખ્ય લેખિત પરીક્ષાના અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (૩) | પ્રાથમિક કસોટી/મુખ્ય પરીક્ષાની તારીખ (૪) | સમય | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|---|
| ૧ | હિસાબી અધિકારી અને વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨ ની **મુખ્ય પરીક્ષા** | ૩૭/ ૨૦૧૬-૧૭ | ૨ જુલાઇ, ૨૦૦૭<br><br>૮, જુલાઇ, ૨૦૧૭<br>૯ જુલાઇ, ૨૦૧૭ | ૧૦.૦૦ થી ૧.૦૦<br>૩.૦૦ થી ૬.૦૦<br>૩.૦૦ થી ૬.૦૦<br>૧૦.૦૦ થી ૧.૦૦<br>૩.૦૦ થી ૬.૦૦ | ૨૧ જૂન, ૨૦૧૭. સમય : બપોરે ૦૧:૦૦ થી ૦૨ જુલાઇ, ૨૦૧૭ સમય: સવારે ૦૮:૦૦ સુધી |
| ૨ | રહસ્ય સચિવ, [અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ –૧], વર્ગ-૨ | ૧૨૨/૨૦૧૬-૧૭ | ૧૬ જુલાઇ, ૨૦૧૭ | ૧૦.૦૦ થી ૧.૦૦<br>૨.૦૦ થી ૫.૦૦ | ૧ જુલાઇ ૨૦૧૭ સમય: બપોરે ૦૧:૦૦ થી ૧૬ જુલાઇ,૨૦૧૭ સમય: સવારે ૦૮:૦૦ સુધી |
| ૩. | (ખાસ ભરતી), નાયબ નિયામક, (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું), સા, રા. સે,વર્ગ-૧. | ૩૧/૨૦૧૭-૧૮ | ૧૬ જુલાઇ, ૨૦૧૭ | ૩.૦૦ થી ૬.૦૦ | ૧ જુલાઇ, ૨૦૧૭. સમય: બપોરે ૦૧:૦૦ થી ૧૬ જુલાઇ,૨૦૧૭ સમય: બપોરે ૦૧:૦૦ સુધી |
| ૪. | નગરપાલીકાના મુખ્ય અધિકારી વર્ગ-૨ ની **મુખ્ય પરીક્ષા** | ૬૫/૨૦૧૬-૧૭ | ૨૨ જુલાઇ, ૨૦૧૭<br><br>૨૩ જુલાઇ ૨૦૧૭ | ૧૦.૦૦ થી ૧.૦૦<br>૨.૩૦ થી ૫.૩૦<br>૧૦.૦૦ થી ૧.૦૦<br>૨.૩૦ થી ૫.૩૦ | ૭ જુલાઇ ૨૦૧૭ સમય: બપોરે ૦૧:૦૦ થી ૨૨ જુલાઇ,૨૦૧૭ સમય: સવારે ૦૮:૦૦ સુધી |

જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ પ્રાથમિક કસોટી/મુખ્ય પરીક્ષામાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત તમામ જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ ૫ માં દર્શાવેલ તારીખથી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થવાના સમયથી અગાઉના બે કલાક સુધીમાં જ પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્રક તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "Online" ડાઉનલોડ કરવાના રહેશે. **જાહેરાત ક્ર. ૩૭/૨૦૧૬-૧૭ માટે હાજરીપત્રક ડાઉનલોડ કરવાનું રહેશે નહિં.** પ્રવેશપત્ર વગેરે "online" ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર કાર્યવાહી કરવાની રહેશે. (૧) https://gpsc-ojas.gujarat.gov.in/ પર જવું. (૨) "Print Call Letter" પર "Click" કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની "Job Select" કરવી તથા "Confirmation Number" અને "Birth Date" ટાઈપ કરવાના રહેશે. (૪) હવે "Print Call Letter" પર "Click" કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રક/પ્રવેશપત્રમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર "Click" કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રક/પ્રવેશપત્રમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

ઉમેદવારોને પોતાના પ્રવેશપત્રો સમયસર ડાઉનલોડ કરી લેવા ખાસ અનુરોધ કરવામા આવે છે. પરીક્ષાના દિવસે આખરી તબક્કે ઉમેદવાર પક્ષે થયેલ ચૂક પરત્વે કોઇ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિં. જે ઉમેદવારો પોતાનો પ્રવેશપત્ર સમયમર્યાદામાં ડાઉનલોડ નહી કરી લે તેમને પ્રવેશ મળશે નહી. પ્રવેશપત્રમાં ક્યું પરીક્ષા કેન્દ્ર આપને ફાળવવામાં આવ્યું છે તે જોઇ લેવા ઉમેદવારોને ખાસ જણાવવામાં આવે છે.

**<u>ખાસ નોંધ:-</u>** (૧)પોસ્ટ ઓફિસમાં અરજી ફી ભરેલ નથી તેવા બિન અનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગ ભવન (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગળના કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

.

તા. ૨૦/૬/૨૦૧૭.